ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

દર પાંચ વર્ષે 'મંદિર'નો ઢંઢેરો પિટાય છે!
ને ચૂંટાયા પછી 'રામ'નામનો ઝંડો વિંટાય છે!
ફંટાય છે 'હિંદુત્વ' પછી વિકાસના દંભી માર્ગે -
ઘૂંટાય છે જીવ મતદાતાનો, મત લૂંટાય છે!

હાઈકુ

ધ્વજ વંદને
પેસી જાય છે 'સાપ'
'પોલ' જોઈને!
(પોલમાંથી સાપ નિકળ્યા)
એક ઘટના

થયા ચોકીદાર!
જગત જમાગાર -
હવે રાષ્ટ્રના...
(લોન-લ્હાણી બંધ - ટ્રંફ)

### ચિંતન

**પઠતો નાસ્તિ મૂખંત્વ જપતો નાસ્તિ પાતકમ્ ।**
**મૌનિનઃ કલહો નાસ્તિ ભયં નાસ્તિ ચ જાગૃત ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત બોધમાંથી લેવામાં આવેલ છે.

જે ભણે છે તે મૂર્ખ રહેતો નથી, જે જપ કરે છે તેને પાપ લાગતું નથી, મૌન રહેવાથી કલહ ઉત્પન્ન થતો નથી, જે જાગતો રહે છે તેને ભય રહેતો નથી.

વિદ્યા-અભ્યાસ જ્ઞાન-પ્રાપ્તિનું સાધન છે. શિક્ષણ પામનાર વાચન-મનન-ચિંતનથી અભ્યાસી બને છે. મૂર્ખ રહેતો નથી.

ઈશ્વર ચિંતન-જપ-તપ-આત્મજ્ઞાન અને માનસિક શાંતિ આપે છે. દુર્વિચાર આવતા નથી. દુષ્કર્મો થતાં નથી. 'મૌન' રાખનારને કોઈની સાથે વિવાદ થતો નથી પરિણામે એને કોઈ સાથે કંકાસ થતો નથી.

જે માણસ સદાય અગાઉથી બધી શક્યતાો, મુશ્કેલીઓ આફતોનું આયોજન કરી જીવન પ્રત્યે 'જાગૃત' રહે છે તેને કદી જીવનની આપત્તિઓ - દુઃખોનો ભય રહેતો નથી.

### સુવિચાર

- વિદ્યાલયના બે મુખ્ય કર્તવ્ય હોવા જોઈએ (૧) આજીવિકા ચલાવવાની યોગ્યતા ઉત્પન્ન કરવી (૨) જીવન નિર્માણ કરવું - **મહાપ્રજ્ઞજી**
- જ્ઞાન તો શિક્ષણ દ્વારા પણ પ્રાપ્ત થાય, પરંતુ બુદ્ધિ તો કડવા અનુભવથી જ આવે છે - **ડિઝરાયલી**
- સત્યને જાણ્યા પછી એને અમલમાં મૂકી તો સત્ય જાણ્યું સાર્થક ગણી શકાય - **ડોંગરેજી મહારાજ**
- આળસમાં ગુમાવેલી દરેક ક્ષણ ભવિષ્યમાં આવનાર દુર્ભાગ્યને દરવાજા ખોલી આપે છે - **નેપોલિયન**
- માણસમાં અહંકાર જેમ જેમ ઓછો થાય તેમ તેમ તેમાં ઈશ્વર વધે છે - **જનકલ્યાણ**
- ઈશ્વર આપણા હાથ ભરેલા છે કે નહીં તે નથી જોતો, પરંતુ એ ચોખ્ખા છે કે નહીં એ જુએ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઓષધ : એલચી અને પીપરી મૂળ બેવ સરખા ભાગે ૨-૨ ગ્રામ સવાર સાંજ મધ સાથે ખાવાથી હૃદયશૂળમાં લાભ થાય છે. **(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ મોબાઈલ - એપે કદાચ થોડી કોમ્પ્યુનિકેશન સુવિધા આપી હશે પણ એના કરતાં અસંસ્કાર અને અનેક દોષોની ભેટ વધારે આપી છે. તરૂણઅવસ્થાના બાળકોને સમય, આંખો અને વડીલો પ્રત્યેનું મર્યાદાનું ભાન મોબાઈલમાં વ્યસ્ત બાળકોને રહેતું નથી.

સ્ટીવ જોબ્સ એપલ કંપનીનો સ્થાપક મોબાઈલ અને અનેક ઈલેકટ્રોનિક સાધનોની અદ્યતન ડિઝાઈનો બજારમાં મૂકી છે. સ્ટીવને ઘરે મિત્ર નિક બિલ્ટન એકવાર જમવા ગયા. નીકે જોયું ઘર તદ્દન સરળ હતું એક પણ અદ્યતન સાધન ઘરમાં દેખાયું નહીં.

સ્ટીવના બે બાળક ૧૫ વર્ષની પુત્રી અને ૧૨ વર્ષનો પુત્ર ત્યાં પ્લેકાર્ડથી રમતાં હતા. નીકે તેમને પૂછ્યું - તમે કયો મોબાઈલ વાપરો છો? નીકની અપેક્ષા હતી કોઈ લેટેસ્ટ મોડલનું નામ સાંભળવા મળશે. પણ બાળકોએ કહ્યું - અમે હજુ મોબાઈલનો ઉપયોગ કરતાં નથી. નીકે આશ્ચર્ય સાથે સ્ટીવ તરફ જોયું - સ્ટીવ કહે - આ ફોન મેં બનાવ્યો છે મને એના જોખમો અને દુરુપયોગની ખબર છે. મારા બાળકો હજુ એના સદુપયોગ સમજે એટલાં સમજદાર નથી. નીકે, સ્ટીવની પીઠ થાબડી કહ્યું તું ખરેખર સારો-સાચો પિતા છો.


# ઉત્તરપ્રદેશમાં નિર્ણાયક તબક્કે રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશનું રાજકારણ એક નિર્ણાયક તબક્કે પહોંચી ગયું છે. દેશની હાર્ટલેન્ડ ગણાતી આ ભૂમિએ હવે આગામી સમયમાં ફક્ત પોતાનું જ નહીં બલકે દેશનું ભવિષ્ય કંડારવાનું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહથી લઈ કોંગ્રેસના રાષ્ટ્રીય સૂત્રધાર રાહુલ ગંધી તથા ઉત્તરપ્રદેશના વર્તમાન યુવા મુખ્યમંત્રી અખિલેશ યાદવ સહિત તમામ રાજનેતાઓ આ ચૂંટણીનું મહત્ત્વ સમજે છે. અલબત્ત, પરિસ્થિતિ ભર્યા નારિયેળ જેવી છે, પરંતુ બેઉ મુખ્ય પ્રતિસ્પર્ધીઓ ઉપરાંત ઉત્તરપ્રદેશની વારંવાર ધુરા સંભાળી ચૂકેલાં બસપા - સુપ્રીમો માયાવતી યેનકેન પ્રકારણે બાજી પોતાની તરફેણમાં પલટવા મરણિયા પ્રયત્નો કરી છૂટશે એમાં શંકાને સ્થાન નથી. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જાહેર કરેલા ચૂંટણી ઢંઢેરામાં સમાજવાદી પાર્ટીનો આખેઆખો ઢંઢેરો શબ્દશઃ સામલે કરાયો છે. જેથી નીચલા તબક્કાના હિંદુ મતદારોને લેશ માત્ર શંકા ન રહે કે પાર્ટી એના સવર્ણ બ્રાન્ડ કાર્યક્રમોને જ આગળ ધપાવશે અને પોતાને હાંસિયે ધકેલી દેશે. વધુમાં અત્યાર લગી મોઘમ રખાતા આવેલ રામમંદિર મુદ્દે પણ સ્પષ્ટતા કરાઈ છે. બંધારણની મર્યાદામાં રહીને રામમંદિર-નિર્માણની કાર્યવાહી હાથ ધરવાની ચોખવટથી લઘુમતી વર્ગને પણ થોડી રાહત અનુભવાશે. મુખ્ય મુદ્દો રામમંદિર મુદ્દો પાર્ટી ભૂલી નથી ગઈ તે દર્શાવી બહુમતિ હિંદુ મતતારોના ધ્રુવીકરણનો છે. ટ્રિપક તલાક મુદ્દે પણ સત્તા પર આવ્યા પછી પાર્ટી મુસ્લિમ મહિલાઓનો અભિપ્રાય જાણી સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરશે એવું આશ્વાસન અપાયું છે. આ મુદ્દો પણ ખાસ તો હિંદુ મતોના ધ્રુવીકરણ માટે જ ખપ લાગવાનો છે. સામા પક્ષે સમાજવાદી પાર્ટીના યુવા નેતા અખિલેશ યાદવ અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી સંયુક્ત રેલી યોજીને પોતે ઉત્તરપ્રદેશ અને દેશનાં હિતમાં હાથ મિલાવ્યા હોવાની પ્રતીતિ કરાવી છે. અખિલેશ યાદવે બેઉ પાર્ટીઓની યુતિને પ્રગતિની સાઈકલમાં બે બેડાં ગણાવી છે તો વળી રાહુલ ગાંધીએ એમાં ગંગા-યમુનાનો સંગમ અને પ્રગતિરૂપી સરસ્વતીનું પ્રાકટ્ય નિહાળ્યું છે. બે યુવા નેતાઓ સાથે મળીને ઉત્તરપ્રદેશને પ્રગતિના પંથે આગળ ધપાવે એવી આશાએ ઉત્તરપ્રદેશની આમ જનતામાં ઊજળી સંભાવનાઓનો સંચાર કર્યો છે. એથી પણ વધુ નોંધપાત્ર બાબત એ છે કે રાહુલ ગાંધીએ ત્રીજા પરીપળ સમાં માયાવતીની ટીકા કરવાનું ટાળું છે, બલકે એમની વિચારસરણી ભાજપ જેવી વિઘટનકારી નહીં હોવાનું પ્રમાણપત્ર પણ આપી દીધું છે. જો કે બસપા સુપ્રીમો એકલપંથ પ્રવાસી તરીકે બધી બેઠકો એકલા હાથે લડવાનાં હોઈ સરવાળે નુકશાન તો સપા-કોંગ્રેસ યુતિના ઉમેદવારોને જ કરશે, તે સમજી શકાય એવું છે. ગઠબંધન જરૂર થયું છે અને તે પરિણામલક્ષી પણ બને એ બરનું છે, પરંતુ બસપા ત્રીજા પરિબળ તરીકે બહાર રહેતાં તે બિહારમાં થયેલું તેવું પૂરું ગઠબંધન નથી. છતાં જો આ ગઠબંધન સત્તાસ્થાને પહોંચવામાં સફળતા મેળવશે તો આગામી લોકસભાની ચૂંટણી વખતે ભાજપને સત્તામાં પુનરાગમન કરવામાં મોટો અવરોધ સાબિત થશે એમાં શંકાને સ્થાન નથી.

# અહીં જે કોઈ આવે તે સૌનું ભલું થાય

(ગતાંકથી ચાલુ) સપ્ટેમ્બર ૧૯૯૮ માં એડિસન ખાતે અમેરિકાના વિખ્યાત વર્તમાનપત્ર 'ફિલાડેલ્ફિયા ઈન્કવાયરર' ના તંત્રી અને પુલિત્સર પુરસ્કાર વિજેતા શ્રી રોનાલ્ડ પટેલ, પ્રમુખ સ્વામી મહારાજનો ઈન્ટરવ્યુ લઈ રહયા હતા. હૃદયની બાયપાસ સર્જરી કરાવ્યા બાદ સ્વામીશ્રીના અનુભવોને પકડવા તેઓ મથી રહયા હતા.




રોનાલ્ડે પૂછયું : ''આપ જયારે બાયપાસ સર્જરી પછી ભાનમાં આવ્યા અને આપને ભાન થયું કે આપ પૃથ્વી પર છો ત્યારે આપને સૌથી પહેલો વિચાર કયો સ્ફુર્યો હતો ?'' પળનાય વિલંબ વિના સ્વામીશ્રીએ કહયું, ''ભગનાનનો'' રોનાલ્ડોએ ઝીણી આંખો કરી સ્વામીશ્રીને નીરખતાં ફરી સવાલ કર્યો, ''સર્જરી બાદ ભાનમાં આવ્યા ત્યારે આપને એવો ખેદ ન થયો કે હું અહીં પાછો આવ્યો પરંતુ ભગવાન પાસે પહોંચી ન શકયો ?''

ના, ભગવાન અખંડ સાથે. જ છે.

સ્વામીશ્રીએ એકદમ ત્વરાથી અને સહજતાથી ઉત્તર આપ્યો.

તા. ૧૬-૮-૨૦૦૬ ના રોજ વડોદરામાં દર્શને આવેલા બિહારના અને હવે ગુજરાતના આઈજીપી ને સ્વામીશ્રીએ કહયું હતું, ''જે સાચું બોલે છે એમાં ભગવાન રાજી છે જ. અંતરમાં કોઈ માટે રાગ કે દ્વેષ નથી, પણ સાચું હોય ત્યાં કહેવું પડે. એમાં તકલીફ આવે, પણ એમાં ભગવાન રાજી છે.''

તા. ૪-૯-૧૯૯૯ ના રોજ સ્વામીશ્રી ઈઝરાયલમાં જેરુસલેમ પધાર્યા હતા. અહીં ઈસુ ખ્રિસ્તના જન્મસ્થાન પર તથા વેઈલીંગ વોલ તરીકે પ્રસિધ્ધ યહુદીઓના વિખ્યાત તીર્થમાં તેઓ પધાર્યા. જગતભરના યહુદીઓ વેઈલિંગ વોલ પાસે પ્રાર્થના કરવા આવે છે. સ્વામીશ્રી એ પણ પ્રાર્થના કરી, ''અહીં જે કોઈ આવે તે સૌનું ભલું થાય. !''

નિસ્વાર્થ ભાવે બીજાનાં ભલા માટે, બીજાનાં હિત માટે અનેક કષ્ટો વેઠતા સ્વામીશ્રીએ પોતાની જાતને પણ વિસારી દીધી હતી. સ્વામીશ્રીની બાયપાસ સર્જરી કરનારા વિશ્વવિખ્યાત હાર્ટ સર્જન ડૉ. સુબ્રમણ્યમે ઉદ્બોધન કરતાં જણાવ્યું, ''જુલાઈ ૭ ૧૯૯૮ ના દિવસે લેનોકસ હિલ હોસ્પિટલમાં મારા ઓપરેશન થિયેટરમાં મને લાગતું હતું કે ભગવાન સ્વામિનારાયણ અવતર્યા હતા. બાયપાસ સર્જરી પછી હું સ્વામીશ્રીની મુલાકાતે રોજ જતો ત્યારે મને લાગતું કે એમનાં દર્શને જાઉં છું. એ ભગવાનનાં દર્શને જાઉં છું. એમની પાસે દરરોજ જતાં લાગતું કે હું પવિત્ર થઈ રહયો છું.''

અમેરિકામાં તા. ૧૮-૭-૧૯૯૬ ના રોજ કલાસમાં એક સક્રિય સત્સંગી યુવક સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. તે પગે લાગીને કહે ,

''બાપા ! ગયે વખતે આપે મારે માથે હાથ મૂકયો ત્યારથી મારો ક્રોધ ગયો ! નહીં માંસ, નહીં ચિકન, આ જન્મે તો હું નાસ્તિક મરત જ નહીં, પણ બધો આપનો જાદુ છે...''

સ્વામીશ્રીને પ્રશ્ન પૂછાયો હતો કે ઠાકોરજીના દર્શન કરતી વખતે આપ શી પ્રાર્થના કરો છો?



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડૉ. સંતોષ દેવકર

સ્વામીશ્રીનો સહજ પ્રત્યુત્તર હતો, ''આપણે વળી બીજી શી પ્રાર્થના હોય ? બધા સુખી થાય, કોઈને કાંઈ દુઃખ ન રહે, ભજન - ભકિત કરે અને સૌના દેશકાળ સારા થાય.''

સતત અને અવિરત પરહિત માટે જ જેમની નસોમાં લોહી દોડતું હતું એ મહાનુભાવ દેહાતીત હતા. જે દેહભાવથી પર હોય તે જ બીજાની સર્વોત્તમ પરવા કરી શકતા હતા. તેઓ વિચારી શકતા, તે જ ઉચ્ચારી શકતા ને તે જ આચરી શકતા.

બીજાના સુખમાં આપણું સુખ છે.
બીજાના ઉત્કર્ષમાં આપણો ઉત્કર્ષ છે.
બીજાના ભલામાં આપણું ભલું છે. (સંપૂર્ણ)

મિસરી -
''નમ્ર સરળ, સહજ અને
પારદર્શક વ્યકિતત્વ કેળવવું
અઘરું છે -અશકય નથી.''

(પ્રમુખ સ્વામીશ્રી)

# એક શામ – કવિતા, રાષ્ટ્ર ઔર હાસ્ય કે નામ

ભોલારામ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર ખાતે ૨૫મી જાન્યુઆરીએ 'કાવ્યાંજલિ' રાષ્ટ્રીય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં વિશિષ્ટ અતિથિ રૂપે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા રઘુવીર ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. વિખ્યાત હાસ્ય કવિ અહેસાન કુરેશી, વીર રસ કવિ અશોક ચારણ તથા મંચ સચાલન કવિ દિનેશ બાવરાજીએ કર્યું હતું.



અન્ય રાષ્ટ્રીય કવિઓમાં ડૉ અંજના સંધીર, ઋષિપાલ ધીમાન, મનોજ મૌર્ય, અશ્વિની પાંડે, વિજય તિવારી તથા આપણા ગાંધીનગરના કવિ ઈશ્વરસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા...

કાર્યક્રમનો આરંભ રાષ્ટ્રગાન સાથે થયો હતો... અને મહેમાનોનું સ્મૃતિચિહ્ન આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા જ સંચાલિત 'વિશિષ્ટ બાળકો'ના અભ્યાસની સંભાળ રાખતું 'સારાંશ ફાઉન્ડેશન'ના જ વિશિષ્ટ બાળકોએ મહેમાનોનું સ્મૃતિચિહ્ન આપી સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ ટ્રસ્ટી અપૂર્વ ગોયન્કાએ કાર્યક્રમમાં ઉપસ્થિત કવિઓ તથા છાત્રો અને વાલીગનું સ્વાગત કર્યું હતું.

મુખ્ય અતિથિ રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં હિન્દી કવિ સંમેલનનું આયોજન અંગ્રેજી માધ્યમની શાળા દ્વારા કરવામાં આવ્યું તે નવતર પ્રયોગને સીમાચિહ્ન રુપ ગણાવ્યો હતો. વિશેષમાં તેમણે જણાવ્યું હતું કે 'લખવું એ જ જીવન છે...' એ ધ્યેય સાથે મારી સર્જનયાત્રા ચાલતી રહી છે...

મંચ સંચાલન કરતા દિનેશ બાવરાજીએ કહ્યું કે - આ કવિતાનો મંચ છે, કવિતા આંખમાં આંખ મેળવીને કરવામાં આવે છે અને શિક્ષક એટલે મહાન હોય છે કારણ કે તે જે હોય છે, તે જ બતાવે છે... કાર્યક્રમની ઝાંખી આપ સમક્ષ મૂકવાનો પ્રયત્ન કરું છું.

NRI શ્રીમતી અંજના સંદીરે કાવ્યપાટનો આરંભ કરતા કહ્યું કે -

''ખ્યાબ ઉસકા હર એક લમ્હા મન મેં રહતા હૈ,
વો શમા બન કે મેરે અંજુમન મેં રહતા હૈ
કભી દિમાગ મેં રહેતા હૈ ખ્યાબ કી માનિંદ
કભી વો ચાંદ કી સૂરત ગગન મેં રહતા હૈ
વો બહ રહા હૈ મેરે જિસ્મ મેં લહૂ બનકર
વો આગ બન કે મેરે તન બદન મેં રહતા હૈ
મે તેરે પાસ હૂં, પરદેશ મેં હૂ, ખુશ બી હૂં
મગર ખ્યાલ તો હરદમ વતન મેં રહતા હૈ''

ત્યારબાદ ગાંધીનગરાઓની ઠંડી ઉડાડવા માટે વીરરસ કવિ અશોક ચારણ (જયપુર) મંચ પર શબ્દોરૂપી બાણ છોડવા આવ્યા... તેમણે શરુઆતમાં જ ભારતની પરિભાષા આપતા તીખા અંદાજમાં જણાવ્યું હતું કે...

અપને ડૉલર કી શક્તિ પર ચલતા હોગા અમેરિકા
અપને આવિશ્કારો કી શક્તિ પર ચલતા હોંગે જાપાની
અપને ઘટીયા ઉત્પાદો કી શક્તિ પર ચલતા હોગા ચાઈના
અપને આતંકવાદ કી શક્તિ
પર ચલતા હોગા પાકિસ્તાન
અપને બંદૂકો કી નાલો કી શક્તિ
પર ચલતે હોંગે ઈરાન - ઈરાક
પર દુનિયા મે અકેલા મુલ્ક હે
મેરા ભારત જો અપને સંસ્કારો ઓર
સંસ્કૃતિ પર ચલતા હે

●●●

કિસ કો બોલે કયાં બોલે કિતના
બોલે ઔર કબ બોલે
નહીં સભા કોઈ શ્રોતા સબ વક્તા હૈ સબ બોલે
ઈસીલીયે મેં ચીખ રહા હૂં શાયદ થોડા ધ્યાન મિલે
અગ્નિવંશ કે શબ્દો કો શાયદ થોડા સન્માન મીલે
મેરી કવિતા મેં અલ્હડતા, ફુહડતા ઔર શ્રૃંગાર નહીં
નહી શબ્દ કી માદકતા હૈ કોઈ રાગ મલ્હાર નહીં
મેં તો કેવળ શાપ કહુંગા મુઝે મિલે વરદાન નહીં
મે ક્રોધિત હોકર ગાતા ભારત કે સન્માન કો...



**વિચારયાત્રા**
ડૉ. જય ઓઝા

અને સમાજનો સળગતો પ્રશ્ન આરક્ષણ - અનામત ઉપર પણ અશોક ચારણ તીખી પ્રતિક્રિયા વગર ન રહી શક્યા...

હરી હો ગઈ ઝમીં બતાઓ તો ફિર ક્યુ બાદલ બરસ રહા
ચપરાસી બનને કી ખાતીર મેરીટ વાલા તરસ રહા
સૂરદાસ કે પદ ઘાયલ હે, ધૂલ જમી હે છંદો પર
ભારત કી તરુણાઈ બટકી આરક્ષણ કે ફંદો પર
કયોં રાતો કે ઘોર તિમિર કો જબરન ભોર બનાતો હો
આરક્ષણ દેકર કમજારોં કો કમજોર બનાતે હો
અબ વિકાસ કે લિય પાટ દો આરક્ષણ કી ખાઈ કો
કાબિલ હોગા વો છૂ લેગા સૂરજ કી ઊંચાઈ કો

વીર રસમાં તબળોળ બનેલા દર્શકોને હાસ્યરસમાં પલોટવા માટે છેલ્લે એહસાન કુરેશી તેમના લાક્ષણિક લહેકા સાથેના અંદાજમાં કાવ્ય પંક્તિ સંભળાવતા નજરે પડ્યા...

- ફાંસી પે ચડતે હુએ કેદી સે જજ સાહબ ને કહા
  અપની આખરી ઈચ્છા બતાઈએ...
  કેદી બોલા મેરે બદલે આપ હી લટક જાઈએ...
- ગ્રાહક ચિલ્લાયા કમાલ હો ગયા કમાલ હો ગયા
  સાબુન સે લુંગી ધોયા રૂમાલ હો ગયા
  દુકાનકાર બોલા વ્યર્થ કે આંસુ મત બહા
  જા તું ભી ઉસી સાબુન સે નહા...

અનુસંધાન પાના નં. ૭ પર

# હે જી તારા આંગળીયા પુછીને જો કોઈ આવે રે... આવકારો મીઠો આપજે



'આપ અગર ગાડી સે ઉતરેંગે, ઔર મેરે સાથ ચાય પીયેંગે તો હી મેં આપકે પ્રશ્ન કા સહી ઉત્તર દુંગા' આશિષે ટેમ્પો ટ્રાવેલરમાંથી સરનામું પુછી રહેલા માણસને કહ્યું.

વાચકને થશે કે આવો સંવાદ વળી કયાં? કયારે? કોની વચ્ચે થયો હશે? અને એમાં વળી મહત્ત્વનું શું છે? પહેલી નજરે સાચી લાગતી વાતના જવાબમાં જરાયે મોણ નાખ્યા વિના કહેવાનું કે 'અતિથિ દેવો ભવઃ' 'ના માત્ર નારા લગાવવાની વાત નથી પરંતુ આ સૂત્રને જીવવાની વાત છે અહીં.' આંગણે આવેલા અતિથિને એવી અનુભૂતિ થાય કે વાસ્તવમાં તેઓ જયાં પધાર્યા છે તે ભૂમિ અને તે પ્રદેશના લોકોના હૈયામાં આતિથ્ય ભાવના જીવંત છે.

ઘટના મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકામાં આવેલા મોઢેરા સૂર્યમંદિરમાં તાજેતરમાં યોજાયેલા ઉત્તરાર્ધ ઉત્સવ-૨૦૧૭ની છે. મોઢેરામાં આનંતરરાષ્ટ્રીય સ્તરે સુપ્રસિદ્ધ છે અને નૃત્ય સાધકો પ્રતિવર્ષ એની પ્રતિક્ષા કરતા હોય છે.

પ્રાચીન ભારતમાં ભવ્ય સ્થાપત્યકલા અને અદ્વિતિય મંદિરોમાં મંડપમાં સૂર્યદેવની પૂજા-અર્ચના માટે શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવાતો હતો. રાજય સરકારા દ્વારા સૂર્યદેવની ઉપાસના માટે સુપ્રસિદ્ધ મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના મોઢેરા સૂર્યમંદિરમાં - સભામંડપમાં ૧૯૯૨માં ઉત્તરાર્ધ શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ ઉજવાય છે.

લોકોમાં શિલ્પ-સ્થાપત્ય - સંસ્કૃતિ અને કલા જીવંત રહે - લોકો એમાં સહભાગી થાય એવા ઉદ્દેશ સાથે શરૂ કરાયેલા આ ઉત્સવમાં દેશ-વિદેશના સુપ્રસિદ્ધ કલા ગુરુઓ અને યુવાન તેજસ્વી નૃત્યકારો એમની નૃત્ય સાધના પ્રસ્તુત કરે છે. દર વર્ષે ઉત્તરાયણ પછીના થોડા દિવસોમાં ઉત્તરાર્ધ ઉત્સવ ઉજવાય છે.

મોઢેરા એક સમયે મોઢ બ્રાહ્મણોનું મૂળ સ્થાન હતું. આ સ્થળ એક સમયે સૂર્યપૂજકોનું મુખ્ય સ્થાન ગણાતું હતું. સ્કંદ પુરાણ અને બ્રાહ્મપુરાણમાં મોઢેરાનો ઉલ્લેખ ધર્મારણ્ય તરીકે કરાયો છે.

મહેસાણાથી ૨૫ કિમી દૂર આવેલા આ સ્થળે મોઢ બ્રાહ્મણોના કુળદેવી મોઢેશ્વરી માતાનું મંદિર પણ છે. અહીંનું સૂર્યમંદિર સોલંકી રાજાઓની ભેટ છે. સૂર્યમંદિરના ગર્ભગૃહની ભીંતમાં સંવત ૧૦૮૩ નો શિલાલેખ છે. એવું માનવામાં આવે છે કે ઈ.સ. ૧૦૨૭માં આ મંદિર બંધાયું હશે. સૂર્યમંદિર ગર્ભગૃહ - રંગમંડપ - ગૂઢ મંડપ સાથે શિખર વગર ઊભું છે. ત્રણે પરિસરની કુલ લંબાઈ ૧૪૫ ફુટ છે. અહીં ૧૭૬ ફૂટ લાંબો અને ૨૦ ફૂટ પહોળો સૂર્યકુંડ છે, જે કલાત્મક કોતરણીથી સુશોભિત છે. સૂર્યમંદિરની સામે જ રંગમંડપ છે જે બેનમૂન શિલ્પકામથી શોભે છે.

ઉત્તરાર્ધ મહોત્સવ બે દિવસ માટે યોજાય છે. ત્યારે અહીં શિલ્પકલા અને નૃત્યકલાનો અદ્ભૂત સંગમ જોવા મળે છે. એક નોખી-અનોખી સાંસ્કૃતિક ચેનતા આ સમયે અહીં ધબકે છે અને સ્થાપત્ય કલા તથા નૃત્ય કલાના આ પર્વને દેશ-વિદેશથી આવેલા રસિકજનો માણે છે. કલાકારો ઉત્સાહથી નૃત્ય પ્રસ્તુત કરે છે અને દર્શકો એમને બિરદાવે છે.

આ મંદિરની વિશેષતા એ છે કે સૂર્યમંદિરમાં સૂર્યનું પહેલું કિરણ પડે છે અને તેનું પ્રતિબિંબ સામે આવેલા કુંડમાં નિહાળી શકાય છે.

અભ્યાસ તો એવું પણ કહે છે કે મહેસાણા જિલ્લામાં મોઢેરા ઉપરાંત ભાયલ સ્વામી સૂર્યમંદિર, નુગરનું સૂર્યમંદિર, પીલુદરાનું સૂર્યમંદિર, ખેરાલુનું સૂર્યમંદિર, કોણાર્કદવાડા અને આસોડાનું સૂર્યમંદિર પણ આવેલા છે.

તાજેતરમાં અહીં શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ - ઉત્તરાર્ધ મહોત્સવ ૨૦૧૭નું આયોજન કરાયું હતું. ૨૮-૨૯ જાન્યુઆરી દરમિયાન આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત શાસ્ત્રીય નૃત્યકારોએ એમની નૃત્ય સાધના પ્રસ્તુત કરી હતી. રાજયના નૃત્ય સાધનાના ચાહકોએ બે દિવસ માટે યોજાયેલા આ નૃત્ય મહોત્સવને માણ્યો હતો અને કલાકારોની નૃત્ય સાધનાને બિરદાવી હતી.

વડોદરાથી આવા જ કલા પારખુ પ્રેમીઓ આશીષ અને મેઘના કાર્યક્રમને માણવા નીકળ્યા હતા. મોઢેરા પહોંચવાને થોડીવાર હતી ત્યારે મોટપ ગામના ચાર રસ્તા પાસે એમણે ચા-નાસ્તો કરવા માટે પોતાની કાર થોભાવી હતી. ગરમાગરમ મેથીના ગોટાનો સ્વાદ લીધા બાદ તેઓ ગાડી પાસે ઊભા રહીને ચા પી રહ્યા હતા ત્યાં એક ટેમ્પો ટ્રાવેલર આવીને ઊભી રહ્યું. આગળ બેઠેલા એક વ્યક્તિએ ભાંગી-તુટી હિન્દી ભાષામાં આશીષને પુછ્યું કે 'મોઢેરા જાને કે લીયે યહી રાસ્તા હૈ?' જવાબમાં આશીષે પેલા માણસને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું ? પેલો સમજ્યો નહીં એટલે ફરી પુછ્યું કે અમે કલાકારો છીએ અને મોઢેરા ડાન્સ ફેસ્ટિવલમાં જવું છે, રસ્તો બતાવો... દરમિયાન આશિષ તો ચાની લારીવાળા કાકા સુધી પહોંચી ગયો અને તાત્કાલિક ૮-૧૦ કપ ચા બનાવવાનું કહ્યું... એની પત્ની મેઘનાએ પેલા ભાઈ સાથે વાત લંબાવી એને સમજાવ્યા કે, 'આ રસ્તો જ મોઢેરા જશે - તમે સાવ નજીક છો પરંતુ તમે કલાકાર છો - બીજા રાજયમાંથી આવ્યા છો - અમારે આંગણે અતિથિ છો તો પાંચ મિનિટ ઉભા રહો અને ચા પીને જાવ...' કલાકારો રાજી થયા. ગુજરાતીઓના આતિથ્યથી અને ચા-પીને મોઢેરા જવા આનંદ સાથે રવાના થયા. આશીષ અને મેઘના પણ કલાના ચાહક તરીકે પોતાની જવાબદારી નિભાવ્યાના આનંદ સાથે પહોંચ્યા મોઢેરા.



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

સાવ નાની ઘટના છે પરંતુ એમાં આપણી આતિથ્ય ભાવના અને કલાના ચાહકોની કલાકારો માટેની પ્રીતિ વ્યક્ત થાય છે.

બહારના રાજયો કે દેશમાંથી આવતા લોકોને સ્થાનિક લોકોના જાતજાતના અનુભવો થતા હોય છે. આવા સમયે સ્થાનિક લોકો જયારે ઉલ્લાસમય - ઉમળકાપૂર્ણ પ્રતિસાદ આપે - અતિથિ સત્કારની ભાવના વ્યક્ત કરે ત્યારે આવનાર અતિથિ આનંદિત થાય છે.

ગુજરાતની અને ભારતની પરંપરા રહી છે કે આંગણે આવેલા અતિથિને આપણે પ્રેમના - લાગણીના તાંતણે બાંધીએ છીએ. પરિણામે આપણી ભૂમિના - માણસાઈના ગૌરવની એમને અનુભૂતિ થાય છે. માત્ર સરનામું પુછવા જેવી વાતમાં અતિથિને ચા પીવડાવવી એ ઘટના નાની છે પણ એમાં સમાયેલી આતિથ્ય ભાવના ગુજરાતના ગૌરવને વ્યક્તિત્વના ગૌરવને અભિવ્યક્ત કરે છે.

કલાના ચાહકો દ્વારા કે સામાન્ય માણસો દ્વારા જયારે જયારે આવી સંવેદના વ્યક્ત થાય ત્યારે આતિથ્યના અજવાળા રેલાય છે.

તેજપુંજ :
હે જી તારા આંગળીયા પુછીને
જો કોઈ આવે રે
આવકારો મીઠો આપજે

- કવિ કાગ